હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ના સાહેબ.... અમે સૂરતથી અનામત માંગવા માડી પાસે નથી જતા... અમે ખુરશી ભાડે આપવાવાળા છીએ.. અમારી ખૂરશી ન ભંગાય એ માટે માડીની બાધા રાખી છે...!!!

એપોલોના ડૉકટર સેન્ટ્રલ જેલ હવાલે : પાસપોર્ટ જપ્ત

એપોલોમાં કામ કરતા પાકિસ્તાન સહીત વિદેશના સ્ટાફની આઈ.બી.એ વિગતો મેળવી : ડોકટર સામે વિઝાની શરતો ભંગ કરવા બદલ વધુ એક ગુનાની કલમ ઉમેરાઈ

ગાંધીનગર, તા.૧૦

બળાત્કારના ગુનાના આક્ષેપસર ધરપકડ કરાયેલા એપોલો હોસ્પિટલના ડૉકટર અને સ્વીપરના બે દિવસના રિમાન્ડ પૂર્ણ થતા આજે કોર્ટમાં રજુ કરતા બંનેને જયુડીશીયલ કસ્ટડીમાં સેન્ટ્રલ જેલ હવાલે કરવામાં આવ્યા છે. પોલીસે પાકિસ્તાનના ડૉકટર હોવાનું ખુલતા તેમનો પાસપોર્ટ પણ જપ્ત કરી લીધો છે તે ઉપરાંત વિઝાની શરતોનો ભંગ કરવા બદલ ફોરેનર એકટની કલમ પણ ઉમેરી હોવાનું જાણવા મળ્યું છે.

૨૨ વર્ષની બિમાર યુવતી પર એપોલો હોસ્પિટલના આઈસીયુમાં ડૉકટર અને સ્વીપરે મળીને બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ દાખલ થયા બાદ અડાલજ પોલીસે બંનેની ધરપકડ કરી રિમાન્ડ મેળવ્યા હતા. યુવતી અને ડોકટર તથા સ્વીપરના કપડા, ચાદર સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ તપાસ અર્થે મોકલી ત્રણેયના મેડીકલ ટેસ્ટ કરાવવામાં આવ્યા છે. રીપોર્ટ હજુ આવ્યા નથી તો બીજી તરફ તપાસમાં ડૉકટર પાકિસ્તાનથી ૨૦૧૪માં આવ્યો હોવાનું ખુલ્યું છે અને લીયાકત યુનિ. સિંધ ખાતેથી એમબીબીએસ કર્યા બાદ ભારતના વિઝા મેળવી ગુજરાતના અમદાવાદ જિલ્લામાં રહેવા આવેલા ડૉ. રમેશકુમાર ચૌહાણ ગાંધીનગર ભાટ સ્થિત એપોલો હોસ્પિટલમાં તબીબી સેવા આપતા હતા. વિઝાની શરતો મુજબ જિલ્લા બહાર જવા માટે મંજુરી લેવી આવશ્યક હોય છે પરંતુ ડૉકટરે તો નોકરી જ જિલ્લા બહાર એટલે કે અમદાવાદથી ગાંધીનગર શરૂ કરી દીધી હતી જેને પગલે વિઝાની શરતોનો ભંગ કરવા બદલ આઈપીસી ૩૭૬ ઉપરાંત ફોરેનર એકટની કલમ ૧૪ બી-સીનો પણ ઉમેરો કર્યો છે. ડોકટરનો પાસપોર્ટ પોલીસે જપ્ત કરી લીધો છે.

તો બીજી તરફ એપોલો હોસ્પિટલનો ડૉકટર પાકિસ્તાનનો હોવાનું બહાર આવતા દેશની સુરક્ષાને ધ્યાને રાખી ઈન્ટેલીજન્સ બ્યુરો પણ હરકતમાં આવ્યુ હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. એપોલો હોસ્પિટલમાં પાકિસ્તાનનો સ્ટાફ કેટલો અને અન્ય દેશનો સ્ટાફ કેટલો કાર્યરત છે તે સહિતની વિગતો આઈબીએ મેળવી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યુ છે.

ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લાના એન્જીનીયરીંગ ફેકલ્ટીના ૬૦૦ વિદ્યાર્થીઓએ ૧૨ ગામમાં ૧૨૦ જેટલા શૌચાલયોનું નિર્માણ શ્રમયજ્ઞ દ્વારા કર્યું

● ગાંધીનગર શહેરના વિવિધ સેવા કેન્દ્રોપર ગઈકાલે ૮મા નો દિવસ હોવાથી પદયાત્રીઓને મહાપ્રસાદ પીરસવામાં આવ્યો હતો.

● ગાંધીનગર નજીકના પેથાપુર ગામેથી એકતા નવયુવક મંડળના ૧૫૦થી પણ વધુ માઈભક્તો અચલેશ્વર મહાદેવથી જય અંબેના જયઘોષ સાથે પદયાત્રાએ જવા રવાના થયા છે.

● જિલ્લા અંધત્વ નિવારણ સોસાયટી અને જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના સંયુક્ત ઉપક્રમે આજે મહુડી ખાતે આંખના રોગોનો નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૧૪૨ દર્દીઓએ લાભ લીધો હતો.

● વરસાદ ખેંચાતા જિલ્લાના ખેડૂતોમાં ચિંતાની લાગણી ઉભી થઈ રહી છે. જિલ્લામાં ૧ લાખ ૨૫ હજાર હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર થયું છે.

● ગાંધીનગર જિલ્લામાં નવરાત્રી પર્વના ઉજવણી માટેના આયોજનો અંગે બેઠકોનો ધીમી ગતિએ પ્રારંભ થયો છે.

● વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ સે. ૨૨ ખાતે સાર્વ. ગણેશોત્સવ સમિતિના મંડપમાં જઈ ગણેશ પૂજન કર્યું હતું.

સિવિલ હોસ્પિટલમાંથી રિક્ષા ચોરી જનાર શખ્સ ઝડપાયો

પાંચેક માસ પહેલા મહેસાણાનો શખ્સ રિક્ષા ચોરી કરીને ફરાર થઈ ગયો હતો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર એલસીબી પીએસઆઈ કે.એ. પટેલ તથા તેમની ટીમે બાતમીને આધારે

એક રિક્ષા ચોરને ગ-૨ સર્કલ નજીકથી ચોરીની રિક્ષા સાથે પકડી પાડયો છે.

એલસીબીની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમીને આધારે ગ-૨ સર્કલ નજીકથી એક સીએનજી રિક્ષા નં. જીજે ૧૮ એ.યુ. ૭૦૨ સાથે મુળ પાટણના અને હાલ વિસનગર, મહેસાણાના શખ્સ અજમલ હરીજી ઠાકોરને પકડી પાડયો હતો. અજમલની ઊંડાણપૂર્વક પુછપરછ કરતા તેણે આ રિક્ષા પાંચેક માસ અગાઉ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પાસેની દવાની દુકાનો આગળથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. આ મામલે સે-૭ પોલીસ મથકમાં ગુનો પણ નોંધાયેલો હોવાનું રેકર્ડ પર જણાતા એલસીબીએ તેની ધરપકડ કરી ચોરીની રિક્ષા રિકવર કરી વધુ પુછપરછ શરૂ કરી છે.

ગોલના વરસાદ સાથે સાઈની ગર્લ્સ ટીમે હેન્ડબોલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

જેસલમેર ખાતે રમાયેલી ૩૩મી સબ જુનિયર નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની ગર્લ્સ ટીમે અધધ... કુલ ૧૬૮ ગોલ ફટકાર્યા : બાકીની ૨૪ ટીમોના ગોલનો સરવાળો માત્ર ૭૯ જ થયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સાઈની વધુ એક ટીમે રાષ્ટ્રીય કક્ષાએ શહેરનું નામ રોશન કર્યું છે. આ વખતે સાઈની હેન્ડબોલની જુનિયર ગર્લ્સની ટીમે તાજેતરમાં રાજસ્થાનના જેસલમેર ખાતે યોજાયેલ ૩૩મી સબ જુનિયર નેશનલ ચેપિયનશીપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ ટુર્નામેન્ટમાં ગાંધીનગરની ટીમે સ્પર્ધાના સૌથી વધુ કુલ ૧૬૮ ગોલ કર્યા હતા જયારે બાકીની ૨૪ ટીમોના કુલ મળીને માત્ર ૭૯ ગોલ જ થવા પામ્યા હતા.

સાઈ ગાંધીનગરની સબ જુનિયર હેન્ડબોલ ટીમે ઓલ ઈન્ડિયા નેશનલ ચેમ્પિયનશીપમાં જાણે ગોલનો વરસાદ વરસાવ્યો હતો. આ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર સાઈની ટીમની ખેલાડીઓમાં પંકજા, તન્મયી, અંજુ સ્વામી, સુદેશ, અંજુ પૂનિયા, પૂજા પૂનિયા અને તનુ એમ ગાંધીનગરની ૭ ઉપરાંત અન્ય રાજયોમાંથી કિરણજીત, સુખમન, વિશાલિયા, રાજદીપ, એશહીન, આરતી, ઈશા, હરપ્રિત અને સ્મિતાનો સમાવેશ થાય છે. આ ટીમના કોચ તરીકે ગાંધીનગર એસટીસીના શશી મોહન ધુમાલ તેમજ જોધપુર એસટીસીના શંભુસીંઘ તંવરે સેવાઓ આપી હતી તથા ગાંધીનગર એસટીસીના કિરણ ટાકે ટીમ મેનેજર તરીકે ફરજ બજાવી હતી. આ ટુર્નામેન્ટમાં સાઈ ગાંધીનગરના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુ ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના ગણેશ મહોત્સવમાં ડાયરો, મ્યુઝીકલ નાઈટ, નાટક અને હાસ્ય દરબારના કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર શહેરમાં ગણેશ મહોત્સવનું વિશેષ મહત્વ રહેલું છે. શહેરમાં વિવિધ સ્થળોએ મોટા આયોજનો કરવામાં આવ્યા છે. આ આયોજનમાં ભક્તો માટે રોજ રાત્રે નીતનવા સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં ગણેશ મહોત્સવના પાંચમા દિવસે સેક્ટર-૩-ડી ખાતે સુંદર નાટક 'કાનમાં કહુ તુ મારી વહુ' યોજાયુંહતું. આ નાટક નિહાળવા માટે મોટી સંખ્યામાં નાગરિકો ઉમટ્યા હતા. જ્યારે સેક્ટર-૨-સી ખાતે આયોજીત ડાયરામાં લોક સાહિત્ય અને સંસ્કૃતિની ન જાણી હોય અને સાંભળી હોય તેવી સુંદર વાતો સાંભળવા માનવ મહેરામણ ઉમટ્યો હતો.

આજે શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા જાજરમાન શોભાયાત્રા યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

શ્રી ગાંધીનગર શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા તા. ૧૧ સપ્ટેમ્બરને રવિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સેક્ટર-૨૨, જૈન દેરાસર ખાતેથી જાજરમાન શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જે ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો ઉપરથી પસાર થશે. આ શોભાયાત્રામાં પૂજ્ય ગુરૂ ભગવંતની સાથે અન્ય ગુરૂજનો ૩૦થી વધુ તપસ્વીઓ તેમજ મોટી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ સહિત વેશભૂષા, રાસ મંડળીઓ બેન્ડવાજા જોડાશે.

તાજેતરમાં સંપન્ન થયેલ પર્યુષણ મહાપર્વ તથા આ મહાપર્વ દરમિયાન જૈન સંઘમાં અઠ્ઠાઈ અને તપશ્ચર્યા કરનાર તપસ્વીઓની અનુમોદનાર્થે જૈન સંઘમાં બિરાજમાન આચાર્ય ગુરૂ ભગવંત પૂજ્ય નરરત્નસૂરીસ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં એક જાજરમાન વરઘોડાનું આયોજન કરાયું છે. આ વરઘોડાને પ્રસ્થાન કરાવવા માટે ગુજરાત રાજયના કેબીનેટ મંત્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા ઉપસ્થિત રહેસે તેમ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ સે. ૨૨ના પ્રમુખ સુમતીભાઈ વખારીયાએ જણાવ્યું છે.

ગણપતિ બાપ્પા મોરિયા... અગલે બરસ તુ જલ્દી આ...

શહેરમાં હેતની હેલીએ બિરાજેલા વિઘ્નહર્તા ગણપતિ ભારે હૈયે વિદાય લઈ રહ્યા છે. શ્રદ્ધાળુઓની એક આંખમાં શ્રીજીની ભક્તિનો ઉમંગ છે તો બીજી આંખમાં તેમની વિદાયનું દુઃખ છે. જે રીતે વાજતે ગાજતે ગજાનંદને આવકાર્યા હતા તે જ રીતે ઢોલ-નગારાના તાલે અને ગુલાલની છોળો સાથે વિસર્જન માટે લઈ જવાઈ રહ્યાં છે. તસવીરમાં ગ-૩ સર્કલ પાસેથી પસાર થઈ રહેલ ગણેશ વિસર્જન શોભાયાત્રા દેશ્યમાન થઈ રહી છે.

ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા અંબાજી પદયાત્રી માટેના સેવાકેન્દ્રની મુલાકાત લેતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા અંબાજી ખાતે જઈ રહેલા પદયાત્રીઓની સેવા માટે ચ-૩ લાયન્સ ગ્રાઉન્ડ ખાતે ગત તા. ૫મી થી ૧૨મી સપ્ટેમ્બર સુધી આઠ દિવસીય સેવાકેન્દ્ર શરૂ કરવામાં આવ્યુંછે. આ સેવા કેન્દ્રમાં પદયાત્રીઓ માટે ચા-નાસ્તો, બે સમય મહાપ્રસાદ, આરામ કરવા માટેની વ્યવસ્થા, ન્હાવાની વ્યવસ્થા, મેડિકલ ટીમની વ્યવસ્થા સતત ૨૪ કલાક માટે કરવામાં આવી છે. આ સેવા કેન્દ્રનો લાભ ગાંધીનગરમાંથી પસાર થતા મા અંબાના ભક્તો ખૂબ મોટી સંખ્યામાં લઈ રહ્યા છે.

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આ સેવા કેન્દ્રની મુલાકાત લઈ મા અંબાના આશીર્વાદ મેળવ્યા હતા. મુખ્યમંત્રીએ સેવા કેન્દ્રમાં ઉપસ્થિત પદયાત્રીઓ સાથે વાતચીત કરી અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. મુખ્યમંત્રીએ સેવા કેન્દ્રની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની જાત માહિતી મેળવી હતી અને પદયાત્રીઓને પ્રસાદનું વિતરણ પર સ્વહસ્તે કર્યુ હતુ. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરના પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ, મહામંત્રી રૂચિરભાઈ ભટ્ટ, કનુભાઈ દેસાઈ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, કાર્તિકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

પેથાપુર ખાતે મહા અન્નકુટ દર્શન

નિલકંઠ વીલા યુવક મંડળ દ્વારા તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ સવારના ૯ થી ૪ કલાક દરમિયાન નિલકંઠ વિલા ફ્લેટસ, પેથાપુર ખાતે ગણપતિ મહોત્સવ ૨૦૧૬ અંતર્ગત મહા અન્નકુટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દર્શન બાદ આરતી કરાશે સર્વ ભાવિકોને લાભ લેવા મંડળ દ્વારા જણાવાયું છે.

ગાંધીનગર શહેરમાં વિવિધ સ્થળોએ ગણેશ મહોત્સવનું આયોજન કરાયું છે. ગણેશ મહોત્સવમાં વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો નિહાળવા માટે ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. ત્યારે સે. ૭ સ્થિત યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત ગણેશ મહોત્સવના ત્રીજા દિવસે ઉપસ્થિત મહેમાનોના હસ્તે ૧૦૮ દિવડાની આરતી, ભજન સંધ્યા, વેશભૂષા, તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સેક્ટર વસાહતી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને માણીને સફળ બનાવ્યો હતો.

ભાજપના રાજકીય તાયફાઓમાં સરકારી તંત્રનો બેફામ દુરપયોગ અને ધાકધમકી

ભારતીય જનતા પાર્ટીએ સુરતમાં પાટીદાર સમાજને રીઝવવા માટે યોજેલા અભિવાદન સમારોહમાં સરકારી તંત્રનો બેફામ દુરપયોગ કરવા છતાં સુરતની પ્રજા એ જ આ સમારોહની સુરત બદલી નાંખી. અગાઉ પોલીસ તંત્ર દ્વારા ધાક-ધમકી આપી આંદોલનને તોડી પાડવા સાથે 'અસામાજિક લોકોની કુચેષ્ઠા' હોવાનો ભાજપે પાટીદાર સમાજ માટે આપેલો પ્રતિભાવ ખૂબ જ આઘાત અને શરમજનક છે.

કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, સુરતમાં પાટીદારોને મનાવવા માટે ભાજપ દ્વારા રાજકીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સરકારી કાર્યક્રમ નહીં હોવા છતાં સમગ્ર સરકારી તંત્રનો બેફામ દુરુપયોગ કરી પ્રજા ઉપર આર્થિક બોજ નાંખવામાં આવ્યો છે. એકતરફ પાટીદાર કે અન્ય સમાજને રેલી – સભા માટે ધરાર મંજુરી નહીં આપતી ભાજપ સરકાર દ્વારા તેઓની ત્રિરંગા યાત્રા હોય કે તેઓના કોઈપણ કાર્યક્રમોની મંજુરી તરત મળી જતી હોય છે. ભાજપ આવા રાજકીય તાયફાઓદ્વારા આગામી ચૂંટણીમાં ટકી રહેવા હવાતીયા મારી રહી છે. નિર્દોષો ઉપર રાજદ્રોહ સુધીના ગુના ઠોકી બેસાડનાર ભાજપની સરકાર જન્મકાળથી જ ગુનાહિત માનસિકતા ધરાવતી હોવાથી સેન્ટ્રલ આઈ.બી., સ્ટેટ આઈ.બી., એલ.આઈ.બી., સ્થાનિક પોલીસ મારફતે ધાક-ધમકીઓ આપીને દરેક સામાજિક અને ન્યાયી આંદોલનોને તોડી નાંખવાનો નિર્લજ્જ પ્રયાસ કરી રહી છે, પરંતુ પાટીદાર સમાજ હોય કે દલિત સમાજ, બ્રહ્મસમાજ હોય કે વાલ્મિકી સમાજ... એકપણ સમાજ ભાજપ સરકારે તેમના પર કરેલા અત્યાચારોને સહેજે ભૂલ્યા વિના ચૂંટણીમાં સણસણતો જવાબ આપશે.

સુરતમાં ભાજપના રાજકીય તાયફાનો ખેલ પ્રજાએ બે મિનિટમાં જ પુરો કરી ભાજપ અને તેના રાષ્ટ્રીય અધ્યક્ષની સુરત બદલી નાંખી હતી. આમ છતાં જાહેર આભાર માનતી જાહેરખબરોમાં 'અસામાજિક લોકોની કુચેષ્ઠા' હતી એવું કહી સમગ્ર પાટીદાર સમાજનું અપમાન કર્યું છે તે ખૂબ જ શરમજનક છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે એક વર્ષ જેટલો સમય બાકી રહ્યો છે ત્યારે સરકારી કર્મચારી અને અધિકારીઓને ભાજપના હાથા કે સરકારના રાજકીય એજન્ટ નહીં બનવાની અપીલ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, સરકાર તો આવશે અને જશે. પરંતુ બંધારણને વફાદાર રહી પ્રજાલક્ષી કામ કરવાનું હોય. જ્યારે ભાજપ સરકારની અણઘડ નિતી, અણઆવડત અને આયોજનના અભાવે મુશ્કેલીમાં મુકાયેલી ગુજરાતની પ્રજામાં રોષનો ભારેલો અગ્નિ છે.

આર.જી. પટેલ અને એસ.બી. પટેલ કન્યા શાળાની ૭ એથ્લેટીક્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સેક્ટર-૧૫ ખાતે તાજેતરમાં જિલ્લાકક્ષાની અંડર-૧૭ અને અંડર-૧૮ વિદ્યાર્થીઓની એથ્લેટીક્સ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં આર.જી. પટેલ અને એસ.વી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળા પરિવારનું ગૌરવ વધાર્યું છે. જિલ્લાકક્ષામાં વિજેતા બનેલ ચાર વિદ્યાર્થીની આગામી રાજ્યકક્ષાની એથ્લેટીક્સ સ્પર્ધા માટે પસંદગી પામી છે. એથ્લેટીક્સ સ્પર્ધામાં અંડર-૧૭ વિભાગમાં ત્રિપલ જમ્પમાં પ્રથમ ક્રમે ચંપાવત ભાગ્યશ્રી, લાંબીકૂદ ૧૦૦મી હડલ્સ, હાઈજમ્પ તમામમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. જ્યારે વાઘેલા ઈશા ડી.એ ૮૦૦મી દોડમાં દ્વિતિય ક્રમ, ગોળાફેંકમાં દ્વિતિયક્રમે પારેખ ખુશી, ૧૫૦૦મી દોડમાં દ્વિતિય ક્રમે નિનામા પરિકલ્પના, ગોળાફેંકમાં તૃતિય ક્રમ પ્રજાપતિ ખુશીએ મેળવ્યો હતો. જ્યારે અંડર-૧૯ વિભાગમાં ગોળા ફેંકમાં પ્રથમ તેમજ ચક્રફેંકમાં બીજા ક્રમે ચૌહાણ ભુવનેશ્વરી, ૩૦૦૦ મી. દોડમાં પ્રથમ ક્રમ રાઠોડ પ્રિયંકા, ૧૦૦મી દોડમાં દ્વિતિય ક્રમ પટેલ ધ્રુવી, ઊંચી કૂદમાં દ્વિતીય ક્રમ ઝાલા મનીષાએ મેળવ્યો હતો. તેવી જ રીતે ૫૦૦ મી. દોડમાં દ્વિતિય ક્રમ અવની કોળી પટેલ, ૧૦૦ મી. દોડમાં તૃતિય ક્રમ જ્યોતિ મકવાણા જ્યારે લાંબીકૂદમાં તૃતિય સ્થાન ડામોર પ્રિયંકાએ મેળવ્યો છે. તમામ વિજેતા વિદ્યાર્થીનીઓને વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોષી દ્વારા સઘન તાલીમ અપાઈ હતી.

જલારામ સેવા સમાજ ગાંધીનગરના હોદ્દેદારો

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા ગત રવિવારે ચતવાણી હોલ જલારામ મંદિર સે-૨૯ ખાતે યોજાઈ હતી. જેમાં નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે શ્રી જિતેન્દ્રકુમાર આર. સેજાણી, ઉપપ્રમુખ શ્રી અરવિંદભાઈ આર. ઠકકર, મંત્રી શ્રી સેવંતીલાલ જે. ઠકકર, સહમંત્રી શ્રી શૈલેષભાઈ પી. મજીઠીયા, કોષાધ્યક્ષ શ્રી રમેશભાઈ પી. પુજારા, સહકોષાધ્યક્ષ શ્રી રમેશભાઈ એસ. ગઢાની વરણી કરાઈ છે.

કારોબારી સભ્ય તરીકે શ્રી ન્યાલચંદભાઈ ચંદન, શ્રી ભકિતકાંત કારીયા, શ્રી હેમંતભાઈ એલ. પોપટ, શ્રી કિશોરભાઈ વી. હિન્ડોચા, શ્રી હરિભાઈ એમ. ઠકકર, શ્રી ભગવતભાઈ કે.ઠકકર અને શ્રી બીપીનભાઈ બી. ઠકકરની નિમણુંક કરવામાં આવી છે. જયારે આમંત્રીત કારોબારી સભ્ય તરીકે શ્રી ટેકચંદભાઈ એમ. ઠકકર, શ્રી અશોકભાઈ પોપટ, શ્રી નવિનચંદ્ર એસ. ચંદારાણા, શ્રી સંજયભાઈ ડી.સંઘાણી, શ્રી કીરીટભાઈ એચ. ઠકકર, શ્રી ભાઈલાલ આર. ઠકકર, શ્રી વર્ધીલાલ એ. ઠકકર અને શ્રી પંકજભાઈ ચિત્તરંજન સચદેની વરણી કરવામાં આવેલ છે.